**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી**
**સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬**
**જિ. : બનાસકાંઠા**

---

**:: જાહેરાત ક્રમાંક : ૭/૨૦૧૭ ::**
**(એડીએમ–૨ શાખા)**
**(બીજો પ્રયત્ન)**

અત્રેની યુનિવર્સિટી તરફથી (વર્ગ–૩)ની પશુધન નિરીક્ષક/લાઈવસ્ટોક ઈન્સ્પેકટરની જગ્યાઓ નીચેની વિગતે સીધી ભરતીથી ભરવાની થતી હોઈ, સદરહું જગ્યાઓ માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ **તા.૦૧/૧૧/૨૦૧૭ થી તા.૨૧/૧૧/૨૦૧૭** સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. સદર જગ્યાઓની સંપૂર્ણ વિગતો તથા શરતો/સૂચનાઓ અને અરજીપત્રક યુનિવર્સિટીની વેબસાઈટ http://sdau.ojas.sauguj.in/jobpost પરથી ભરી શકાશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કક્ષાવાર ભરવાપાત્ર જગ્યાઓ | | | | | કક્ષાવાર ભરવાપાત્ર થતી જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુ. જાતિ | અનુ. જન. જાતિ | સા. શૈ. પ. | શા. ખો. ખાં. | જનરલ | અનુ. જાતિ | અનુ. જન. જાતિ | સા. શૈ. પ. | શા. ખો. ખાં. | જનરલ |
| ૧. | ૨. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. | ૧૩. | ૧૪. | ૧૫. |
| ૧ | પશુધન નિરીક્ષક / લાઈવસ્ટોક ઈન્સ્પેકટર | ૦૧ | – | ૦૧ (બેકલોગ) | – | – | – | – | ૦૧ (બેકલોગ) | – | – | – |

**નોંધ :** ઉકત જગ્યાઓ સબંધિત કેટેગરીની મહિલા ઉમેદવારો માટે અનામત છે. સબંધિત કેટેગરીની લાયકાત ધરાવતી મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહી થાય તો તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી આ જગ્યાઓ ભરવામાં આવશે. જેથી સબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારો પણ આ જગ્યા માટે અરજી કરી શકશે.

સ્થળ :–સરદારકૃષિનગર.
તારીખ :–૨૪/૧૦/૨૦૧૭.

(એમ.પી.પટેલ)
ઈ./ચા.કુલસચિવ

# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

**સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬**

**<u>જિ. : બનાસકાંઠા</u>**

.........................................................................................................

**:: જાહેરાત ક્રમાંક : ૭/૨૦૧૭ ::**

**(એડીએમ–૨ શાખા)**

**(બીજો પ્રયત્ન)**

૧. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ધ્વારા નીચે દર્શાવેલ સંવર્ગની (વર્ગ–૩)ની ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારએ http://sdau.ojas.sauguj.in/jobpost વેબસાઈટ પર **તા.૦૧/૧૧/૨૦૧૭ (બપોરના ૧૫–૦૦ કલાક) થી તા.૨૧/૧૧/૨૦૧૭ (સમય રાત્રીના ૧૧–૫૯ કલાક સુધી)** દરમ્યાન અરજી કરવાની રહેશે. તેમજ પરીક્ષા ફી ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં **તારીખ :–૩૦/૧૦/૨૦૧૭ થી તારીખ :–૧૮/૧૧/૨૦૧૭** સુધી ભરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો Photograph (50 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે, જે ઓનલાઈન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે ઓનલાઈન અરજીમાં દર્શાવ્યા મુજબના પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને આ અંગે ઉમેદવારોને જાણ કરાયા બાદ તેઓએ રૂબરૂમાં ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. જેની અચુક નોંધ લેવી.

**:: અગત્યની તારીખો ::**

| Sr. No. | Activity | Date | |
|---|---|---|---|
| | | From | To |
| 1 | Display of Advertisement on http://sdau.ojas.sauguj.in/jobpost | **27/10/2017** | **21/11/2017** |
| 2 | Payment of Processing / Exam fee through internet banking http://www.onlinesbi.com | **30/10/2017** | **18/11/2017** |
| 3 | Online submission of application through website http://sdau.ojas.sauguj.in/jobpost | **01/11/2017** | **21/11/2017** |
| 4 | Last date of submission of hard copy of online application form and selected copy of certified certificates | **01/11/2017** | **29/11/2017** |

અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં ફકરા નં.૧૦ માં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત આ સમગ્ર જાહેરાત ઓનલાઈન અરજી ભરતા પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચી લેવાની રહેશે.

૧.૧ ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારએ કોઈ પ્રમાણપત્રો જોડવાના (અપલોડ કરવાના) નથી. પરંતુ, ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોની વિગતોને આધારે ઓનલાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધાજ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. અન્યથા યુનિવર્સિટી ધ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી અથવા અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને પસંદગી/નિમણૂંક રદ કરવામાં આવશે.

૧.૨ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં ફકરા નંબર ૧૨ માં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓનલાઈન/ઓપ્ટીકલ માર્કસ રીડીગ (ઓ.એમ.આર.) પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા રહેશે. આ હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓનલાઈન/ઓ.એમ.આર. પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન સંભવતઃ યુનિવર્સિટી ધ્વારા **ડીસેમ્બર–૨૦૧૭** માં કરવામાં આવશે. આમ છતાં આ બાબતે યુનિવર્સિટી જરૂર જણાયે ફેરફાર કરી શકશે.

૧.૩ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર / ઉમેદવારના મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, ઉમેદવારે વખતો–વખત યુનિવર્સિટીની વેબસાઈટ જોવાની રહેશે તેમજ અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં ઉમેદવારે મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે.

**૧.૪ વર્ગ–૩ સંવર્ગની ખાલી જગ્યાઓની વિગત :–**

જાહેરાત ક્રમાંકઃ૭/૨૦૧૭ અન્વયે ભરવાપાત્ર કેટેગરીવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | ફિક્સ પગાર (*) ` | જગ્યાની સંખ્યા | કક્ષાવાર ભરવાપાત્ર જગ્યાઓ | | | | | કક્ષાવાર ભરવાપાત્ર થતી જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનુ. જાતિ | અનુ. જન. જાતિ | સા. શૈ. પ. | શા. ખો. ખાં. | જનરલ | અનુ. જાતિ | અનુ. જન. જાતિ | સા. શૈ. પ. | શા. ખો. ખાં. | જનરલ |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. | ૧૩. | ૧૪. | ૧૫. |
| ૧ | પશુધન નિરીક્ષક / લાઈવસ્ટોક ઈન્સ્પેકટર | મેટ્રીક પે સ્કેલ ` ૨૫૫૦૦–૮૧૧૦૦ | ૧૯૯૫૦/– | ૦૧ | – | ૦૧ (બેકલોગ) | – | – | – | – | ૦૧ (બેકલોગ) | – | – | – |

**નોંધ :** ઉકત જગ્યાઓ સબંધિત કેટેગરીની મહિલા ઉમેદવારો માટે અનામત છે. સબંધિત કેટેગરીની લાયકાત ધરાવતી મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી આ જગ્યાઓ ભરવામાં આવશે. જેથી સબંધિત કેટેગરીના પુરુષ ઉમેદવારો પણ આ જગ્યા માટે અરજી કરી શકશે.

**(*)** સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવમાં થયેલ જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પશુધન નિરીક્ષક/લાઈવસ્ટોક ઈન્સ્પેકટરને રૂા.૧૯૯૫૦/– પ્રતિમાસ ફીકસ પગારથી નિમણૂંક અપાશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે.

**જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે.**

૧.૫ અનુસૂચિત જનજાતિ વર્ગની ફકત મૂળ ગુજરાતની મહિલા/પુરુષ ઉમેદવારો માટે જ અનામત છે.

૨. **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઈએ.

## ૩. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

૩.૧ **વયમર્યાદા** અને શૈક્ષણિક લાયકાતની વિગતો :–

| જાહેરાત ક્રમાંક | સંવર્ગ | શૈક્ષણિક લાયકાત | | વયમર્યાદા (**) |
|---|---|---|---|---|
| ૭/૨૦૧૭ | પશુધન નિરીક્ષક/ લાઈવસ્ટોક ઈન્સ્પેકટર | **(A)** | Have passed the Secondary School Certificate Examination (10th pass) with English as one of the subject from SSC examination Board of the State or Central Government and | ૧૮ થી ૩૩ વર્ષ |
| | | **(B)** | Possesses a Certificate of Livestock Inspector Training from any recognized University or have passed three years diploma in Veterinary Science and Animal Husbandry or Diploma in Animal Husbandry from any of the University established or incorporated by or under the central or state agricultural University or Veterinary University Act and recognized by the ICAR and | |
| | | **(C)** | Passed the Examination of CCC Examination determined By the State Government within the Probation Period. | |

**(**) અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારને ૦૫ વર્ષ અને મહિલા ઉમેદવાર માટે ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.**

૩.૨ ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ નિયત શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી **તારીખ (૨૧/૧૧/૨૦૧૭)** ના રોજ ધરાવતો હોવો જોઈશે.

૩.૩ ઉમદવારે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈશે.

૩.૪ શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકકદાવો સ્વીકારવામાં આવશે નહી.

૩.૫ ઉમેદવારે સક્ષમ સત્તાધિકારી ધ્વારા જણાવવામાં આવે ત્યારે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક અને પદવી પ્રમાણપત્રોની અસલ અને સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

## ૪. વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ (cut off date) :

તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા **તા.૨૧/૧૧/૨૦૧૭** સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૫. શૈક્ષણિક લાયકાત / વધારાની લાયકાત માટે નિર્ધારીત તારીખ (cut off date) :

જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરી લાયકાત માટે અરજી કરવાની છેલ્લી **તારીખ :–૨૧/૧૧/૨૦૧૭** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૬. માન્ય સંસ્થાના પ્રમાણપત્ર

ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની સંસ્થાની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે. જેની સબંધિતોએ નોંધ લેવી.

## ૭. વયમર્યાદામાં છુટછાટ :–

મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના મહિલા / પુરૂષ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમાનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

૭.૧ અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ૦૫ વર્ષ

૭.૨ અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ

૭.૩ રાજય કૃષિ યુનિવર્સિટીના (SAUs) કર્મચારીઓ માટે મહત્તમ
વયમર્યાદામાં સ્ટેચ્યુટ એસ–૧૧૬ ના નિયમ ૨૭.૩ અને ૨૭.૪ મુજબ છુટછાટ આપવામાં આવશે.

## ૮. પગાર ધોરણ :–

પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર કરાર આધારીત નિમણૂક થયેથી, નાણાં વિભાગના તા.૨૯/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃખરચ–૨૦૦૨–૫૭–ઝેડ–૧, તથા ઠરાવ નં.ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ–૨/ ઝ–૧, તા.૬/૧૦/૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ–૨/ઝ–૧, તા.૨૦/૧૦/૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંકઃખરચ/ ૨૦૦૨/૫૭(પાર્ટ–૨)/ઝ–૧, તા.૨૦/૧૦/૨૦૧૫ તથા ઠરાવ ક્રમાંક ખરચ–૨૦૦૨/૫૭/ પાર્ટ–૨/ઝ–૧, તા.૧૮/૦૧/૨૦૧૭ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પશુધન નિરીક્ષક/લાઈવસ્ટોક ઈન્સ્પેકટર સંવર્ગમાં રૂા.૧૯૯૫૦/–માં પ્રતિ માસ ફીકસ પગારથી નિમણૂંક અપાશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર

રહેશે. પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક સત્તાધિકારી ધ્વારા આ જગ્યાઓ ઉપર કરાર આધારીત નિમણૂંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**૯. કોમ્પ્યુટરની જાણકારી :–**

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં.સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ–૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા / ડીગ્રી કે, સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઓનલાઈન અરજી કરવાના તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂંક સત્તાધિકારી/યુનિવર્સિટી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

**૧૦. અરજી કરવાની રીત :–**

1. The Details of application fees, educational qualifications, experience, age etc. should be obtained from Website http://www.sdau.edu.in and http://sdau.ojas.sauguj.in/jobpost
2. The Application should be submitted online from website http://sdau.ojas.sauguj.in/jobpost. After paying the processing fee through Internet banking through website http://www.onlinesbi.com .
3. After paying the application processing fee, the form can be filled up online on next working day after 24.00 hrs.
4. The hard copy of the application supported with the attested copies of certificates, pertaining to the qualifications and experience should reach to the Registrar, Sardarkrushinagar Dantiwada Agricultural University, Sardarkrushinagar-385506 (Gujarat), on or before **dt.29/11/2017.** The university reserves its right not to fill-in all or any post if deems necessary.

**સામાન્ય સુચનાઓ :**

૧. અરજી ફી, શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર વગેરેની માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ http://www.sdau.edu.in and http://sdau.ojas.sauguj.in/jobpost પર મળશે.

૨. ઈન્ટરનેટ બેન્કીંગ વેબસાઈટ http://www.onlinesbi.com ધ્વારા ફી ભર્યા બાદ ઉમેદવારોએ અરજી ઓન–લાઈન વબસાઈટ http://sdau.ojas.sauguj.in/jobpost પર કરવાની રહેશે.

૩. ફી ભર્યા બાદ આગામી કામનાં દિવસોનાં ૨૪ કલાક પછી ઓનલાઈન અરજી ભરી શકાશે.

૪. ઓનલાઈન ભરવામાં આવેલી અરજી પત્રકની પ્રિન્ટ નકલ તથા તેના જરૂરી બિડાણો સાથે કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬ (ગુજરાત) ની કચેરી ખાતે **તા.૨૯/૧૧/૨૦૧૭** સુધીમાં મોકલવાની રહેશે. જરૂરીયાત જણાશે તો કોઈપણ એક કે બધી જગ્યાઓ નહીં ભરવાનો અધિકાર યુનિવર્સિટીને રહેશે.

**Steps To be Followed for Processing Fee Payment through Internet Banking:**

1. On Internet Browser Go For Website:http://www.onlinesbi.com
2. On Home Page On Top Menu Click On- State Bank Collect
3. Tick Check Box On The Disclaimer Clause □ ( *I have accepted the terms and conditions stated above*) And Click on Proceed
4. On State Bank colect - Select State and type of Corporate / Institution as below:
   1. State of Corporate/Institution : Gujarat
   2.Type of Corporate/Instutution : Educational Instutions
   Click - Go
5. On State Bank Collect - Select From Educational Institutions As Below :
   Educational Institutions Name : Sardarkrushinagar Dantiwada Agricultural University
6. Click - Submit
7. On State Bank Collect - Provide Details of Payment.
8. On This Page Provide The Necessary Information And Proceed Further

**ઈન્ટરનેટ બેન્કીંગ અરજીપત્રકની ફી ભરવા માટેનાં પગલાની વિગત :**

૧. ઈન્ટરનેટ બ્રાઉઝર ધ્વારા http://www.onlinesbi.com વેબસાઈટ પર જવુ.

૨. હોમ પેઈઝ પર ટોપ મેનુમાં State Bank Collect પર કલીક કરવું.

૩. Disclaimer Clause ☐ પેઈઝ પર ચેક બોકસ (*I Have Accepted The Terms And Conditions State Above*) પર ટીક કરવુ અને ત્યારબાદ Proceed પર કલીક કરવું.

૪. સ્ટેટ બેન્ક કલેકટ – Select State And Type Of Corporate / Institution પેઈઝ પર નીચે મુજબની વિગતો સિલેકટ કરવીઉ

1. State of Corporate/Institution : Gujarat
2. Type of Corporate/Instutution : Educational Instutions Go પર કલીક કરવું.

૫. સ્ટેટ બેન્ક કલેકટ – Select From Educational Institution પેઈઝ પર Educational Institutions નીચે મુજબ સિલેકટ કરવુ.

Sardarkrushinagar Dantiwada Agricultural University

૬. Submit બટન પર કલીક કરવું.

૭. સ્ટેટ બેન્ક કલેકટ પર ફી ભરવા અંગેની માહિતી આપવી.

૮. આ પેઈઝ પર જરૂરી માહિતી આપ્યા બાદ Submit બટન પર કલીક કરી ફી ભરવાની આગળની કાર્યવાહી કરવી.

આ જાહેરાતના સંદર્ભમાં યુનિવર્સિટી ધ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા **તારીખ :–૦૧/૧૧/૨૦૧૭ (બપોરના ૧૫–૦૦ કલાક) થી તા.૨૧/૧૧/૨૦૧૭ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી)** દરમ્યાન http://sdau.ojas.sauguj.in/jobpost પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે,

૧) સૌ પ્રથમ http://sdau.ojas.sauguj.in/jobpost પર જવું.

૨) ત્યારબાદ Advertisement પર Click કરવાથી (૧) પશુધન નિરીક્ષક/લાઈવસ્ટોક ઈન્સ્પેકટર સંવર્ગની જગ્યાઓની વિગતો જોવા મળશે.

૩) જે જગ્યા માટે અરજી કરવાની છે તેની નીચે Click કરવું.

૪) જે તે જગ્યા માટે Post સીકલેકટ કરવી ત્યારબાદ Category ના ઉમેદવારે પોતાની Category સીલેકટ કરવાની રહેશે.

૫) ત્યારબાદ Payment Details માં Journal No, Deposite Date ભર્યા બાદ ઉમેદવારની પર્સનલ ડીટેઈલ ભરવાની રહેશે.

૬) હવે Candidate information માં ઉમેદવારનું નામ, પિતા/પતિનું નામ, પરણિત/અપરણિત વિગેરેની વિગતો ભરવાની રહેશે.

૭) હવે Upload Photohraph પર Click કરો. અહી તમારો પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવાનો છે. (Photo upload કરવા માટે સૌ પ્રથમ તમારો photo jpg format માં (50 kb) સાઈઝથી વધારે નહી, તે રીતે સ્કેન કરી, computer માં Save કરેલ હોવો જોઈએ.) હવે, Brows button પર click કરો. ત્યારબાદ choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલ jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button પર click કરો. હવે "brows" button ની બાજુમાં "upload" click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે.

૮) ત્યારબાદ Permanent Address, Postal Address, Candidate Personal Information, Birth Place, Educational Information તથા Experience Information ભરવાની રહેશે. વધારાની શૈક્ષણિક લાયકાત તથા અનુભવનીવિગતો ભરવા માટે ( + ) નિશાન દર્શાવેલ છે તેની પર કલીક કરવાનું રહેશે.

૯) ત્યારબાદ ( ✔ ) I Agree to All the Above Conditions બટન પર કલીક કરવાની રહેશે.

૧૦) ત્યારબાદ Save Button પર કલીક કર્યા બાદ Online Form ની ઉપર તમારો Application ID Generate થયા બાદ જ પ્રિન્ટ માટ ફોર્મની નીચે Print નું ઓપ્શન કલીક કરવાથી પ્રિન્ટ નીકળશે. જેથી ઉમેદવારની અરજી સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરમાં Online સ્વીકાર થઈ જશે. Application ID Generate થયેલ હશે તે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

૧૧) એકવાર ઓનલાઈન અરજી કન્ફર્મ કર્યા બાદ, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે યુનિવર્સિટી ધ્વારા થઈ શકશે નહી. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ) વગેરે બાબતોની બારીક ચકાસણી નામ, અટકના સ્પેલીંગ સહીત કરી લઈને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઈન અરજીમાં દર્શાવવાની રહેશે. યુનિવર્સિટી ધ્વારા ચકાસણી સારૂ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર ધ્વારા યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઈપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુકત અરજીઓ યુનિવર્સિટી ધ્વારા જે તે તબકકેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુકત અરજી રદ કરવામાં આવે તો, તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહી. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

**૧૧. પરીક્ષા ફી :– ફી માત્ર ઓનલાઈન સ્વીકારવામાં આવશે.**

(૧) પરીક્ષા ફી પેટે અનામત વર્ગના મહિલા / પુરૂષ ઉમેદવારે રૂા.૨૫૦/– ભરવાના રહેશે.

(૨) અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

(૩) ઓનલાઈન અરજી કરવાની છેલ્લી **તારીખ–૨૧/૧૧/૨૦૧૭** છે.

(૪) પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ કોઈપણ સંજોગોમાં મળવાપાત્ર નથી. ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહી.

**૧૨. લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગી પ્રક્રિયા :–**

(૧) અરજીપત્રકમાં ભરેલ વિગતોની કોઈપણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને જે તે જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી યુનિવર્સિટી ધ્વારા પરીક્ષાની તારીખ જાહેર કર્યા બાદ http://www.sdau.edu.in વેબસાઈટ મારફત online કોલલેટર (હોલટિકીટ) ઈસ્યુ કરીને પરીક્ષાના તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે. જે માટે યુનિવર્સિટી ધ્વારા કામચલાઉ ધોરણે દાખલ કરેલ ઉમેદવારોને યુનિવર્સિટીની નિયત વેબસાઈટ ઉપરથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર (હોલટિકીટ) online download કરવા માટે યુનિવર્સિટી વેબસાઈટ ઉપર જણાવવામાં આવશે. અરજી કરનાર ઉમેદવારોને કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ http://www.sdau.edu.in ની સમયાંતરે મુલાકાત લેવા યુનિવર્સિટીની વેબસાઈટ જોતા રહેવા સલાહ આપવામાં આવે છે. કોઈપણ સંજોગોમાં કોલલેટર (હોલટિકીટ) સિવાય ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ મળશે નહિ, જેની નોંધ લેવી. જેથી ઉમેદવારોએ ઓનલાઈન ડાઉનલોડ કરેલ કોલલેટર (હોલટિકીટ) પરીક્ષા આપવા જતી વખતે સાથે રાખવી ફરજીયાત છે. વખતો વખતની માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ http://www.sdau.edu.in જોતાં રહેવું.

(૨) નામ.સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૧૫–૧૨૨૩–ક, તા.૬/૧૧/૨૦૧૫ મુજબ વર્ગ–૩ સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણૂંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview) ની જોગવાઈ રદ થતાં ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે.

(૩) પશુધન નિરીક્ષક/લાઈવસ્ટોક ઈન્સ્પેકટર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે અને પરીક્ષા CBT (કોમ્પ્યુટર બેઝ ટેસ્ટ) મુજબ લેવામાં આવશે.

(૪) પરીક્ષાનું સ્વરૂપ MCQ પ્રકારનું રહેશે, જેમાં ૬૦ મિનીટમાં **૧૦૦** પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. પ્રત્યેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે અને પ્રત્યેક પ્રશ્નમાં ઉમેદવારને ચાર વિકલ્પો આપવામાં આવશે. જો ખોટો વિકલ્પ પસંદ થશે તો ઉમેદવારનો ૦.૨૫ માર્ક બાદ કરવામાં આવશે, આમ નેગેટીવ માર્કની સ્કીમ અમલમાં રહેશે.

(૫) પ્રશ્નપત્રમાં પ્રશ્નોનું વર્ગીકરણ નીચે મુજબ રહેશે.

| **વિષય** | **ગુણ** |
|---|---|
| (૧) સામાન્ય જ્ઞાન<br>(ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ, ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, ગણિત અને અંગ્રેજી) | ૨૦ |
| (૨) જે તે સંવર્ગને અનુરૂપ વિષયનાં પ્રશ્નો | ૮૦ |
| **કુલ :–** | **૧૦૦** |

(૬) ઉપરોકત પરીક્ષાના આધારે ૧૦૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણને આધારે મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. જે મેરીટ મુજબ ઉમેદવારોને જાહેરાતમાં જણાવેલ જગ્યા મુજબ નિમણૂંક આપવામાં આવશે. મેરીટ યાદી બનાવવા માટે લઘુત્તમ લાયકાત યુનિવર્સિટી ધ્વારા નકકી થયા મુજબની રહેશે.

(૭) ઉકત સંવર્ગોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનું મેરીટ એકસરખુ થાય ત્યારે જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી.નાં પ્રવર્તમાન નિયમો ધ્યાને લઈ નીચની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(અ) જો એક કરતાં વધારે ઉમેદવારોના માર્કસ એકસરખા આવેલ હોય, તો જે તે સંવર્ગ માટે નકકી થયેલ શૈક્ષણિક લાયકાત મુજબની કક્ષાએથી મેળવેલ માર્કસને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે.

(બ) ઉકત (અ) મુજબ ગણત્રી કરતાં તેમાં પણ એક કરતા વધારે ઉમેદવારો સરખા માર્કસ ધરાવતા હોય તેવા ઉમેદવારો માટે તેમની જન્મ તારીખ ધ્યાનમાં રાખી અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે.

(૮) પશુધન નિરીક્ષક/લાઈવસ્ટોક ઈન્સ્પેકટર સંવર્ગના ભરતી નિયમો તેમજ વિવિધ અનામત કેટેગરીને લગતા ઠરાવો અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણને આધારે તમામ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.

**(૯) સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ મુજબ જગ્યાઓના સાપેક્ષમાં અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે. અગ્રતાક્રમના આધારે ઉમેદવારોની અરજી ચકાસણી કરવામાં આવશે. જો ઉમેદવારની અરજી ચકાસણી દરમ્યાન માન્ય ઠરશે નહીં તો અગ્રતાક્રમમાં હોવા છતાં નિમણૂંક મળવાપાત્ર રહેશે નહીં.**

**૧૩. અગત્યની શરતો :–**

(૧) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી– ST) અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઈન અરજીમાં દર્શાવલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહી કરનાર અથવા વિસંગતતા સાબિત થાય તો ઉમેદવારનું અરજીપત્રક જે – તે તબકકેથી "રદ" કરવાપાત્ર થશે અને તેવા ઉમેદવારની પસંદગી/નિમણુંક "રદ" કરવામાં આવશે.

(૨) અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહય રાખવામાં આવશે નહી. ઓનલાઈન અરજીમાં ઉમેદવારે દર્શાવેલી કેટેગરી અને ઉમેદવારની ખરેખર

કેટેગરીમાં તફાવત માલૂમ પડશે તો, તેવી અરજી જે તે તબકકે રદ કરવાપાત્ર થશે અને તેવા ઉમેદવારની પસંદગી/નિમણૂંક "રદ" કરવામાં આવશે.

(૩) ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે જે તે સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી ધ્વારા કરાર આધારીત નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો–૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ નિયત કરારના સમયગાળા દરમ્યાન સરકારશ્રીના તે અંગેના પ્રવર્તમાન નિયમાનુસાર પાસ કરવાની રહેશે.

(૪) ઉમેદવાર પોતે જે તે સંવર્ગની મેરીટ યાદી/પસંદગી યાદી/ભલામણ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, ઉમેદવાર જે તે સંવર્ગની ભરતી અંગેના પ્રવર્તમાન નિયમાનુસાર યોગ્ય જણાતા નથી, તો જે તે તબકકે આવા ઉમેદવારને તેમની નિમણૂંક 'રદ' કરીને પડતા મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૫) આ ભરતી પ્રક્રિયા આ સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો અને પરીક્ષા નિયમોને તેમજ આ બાબતના સરકારશ્રીના કાયદા અને નિયમોની જોગવાઈને સંપૂર્ણપણે આધિન રહેશે.

(૬) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી રદ થયેલી ગણાશે અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૭) આ ભરતી નામ.સુપ્રિમકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસએલપી નં.૧૪૧૨૪/૧૪૫૧૨૫/૨૦૦૦ ના આખરી ચુકાદાને આધિન રહેશે.

(૮) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

(૯) **નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે, જે સંપૂર્ણ નથી)**
  - (૧) ઓનલાઈન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય,
  - (૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય,
  - (૩) અરજીમાં ઉમેદવારે પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરેલ ન હોય,
  - (૪) અરજી ફેકસ થી, ઈ–મેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય,
  - (૫) અનામત વર્ગના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય,
  - (૬) અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો તેઓની કેટેગરી અંગેનું નિયત પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

**૧૪. સામાન્ય સુચનાઓ :–**

(૧) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. પરીક્ષા સમયે હાજરીપત્રકમાં તે જ ફોટો લગાવવાનો રહેશે તેમજ યુનિવર્સિટી માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.

(૨) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવાની થાય તો, અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહીં.

(૩) યુનિવર્સિટીની વેબસાઈટ http://sdau.edu.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ સૂચના આપવામાં આવે છે.

**(૪) યુનિવર્સિટી જે કોઈ ઉમેદવારને –**
  - ૧. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે યુનિવર્સિટીન અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
  - ૨. બીજાનું નામ ધારણ કરવા માટે,
  - ૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,
  - ૪. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
  - ૫. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
  - ૬. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
  - ૭. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,
  - ૮. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
  - ૯. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, અથવા
  - ૧૦. પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, અથવા
  - ૧૧. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા

૧૨. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય.

૧૩. તો ઉપરોકત ૧ થી ૧૩ કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત – (ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) યુનિવર્સિટી, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

૧૪. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**૧૫. ફેરફાર કે રદ કરવાની યુનિવર્સિટીની સત્તા :–**

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

તારીખ :–૨૪/૧૦/૨૦૧૭.
સ્થળ :– સરદારકૃષિનગર.

ઈ./ચા. કુલસચિવ
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

## :: ઉમેદવારોના હિતમાં જાહેર સૂચના ::

યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળની વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતી માટે યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રૂશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે, તેમજ યુનિવર્સિટીના પદાધિકારી/અધિકારી/કર્મચારીને નામે જો કોઈ ઈસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણા ઉઘરાવતા હોય તો તેવા ઈસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઈ અસામાજિક પ્રવૃત્તિ/છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રૂશ્વત બ્યુરોના ટોલ ફ્રી નંબર ૧૮૦૦–૨૩૩–૪૪૪૪૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ઈ./ચા.કુલસચિવ
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
**સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬**
**જિ. : બનાસકાંઠા**

---

**પશુધન નિરીક્ષક / લાઈવસ્ટોક ઈન્સ્પેકટરની જગ્યા માટેની અરજી**

પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો રંગીન ફોટોગ્રાફ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **૧.** | અરજીકર્તાનું પુરેપુરૂ નામ | : | **અટક** **નામ** **પિતાનું નામ** | | | | |
| | | | | | | | |
| **૨.** | હાલનું સરનામું | : | | | | | |
| | | | | | | | |
| | | | પીન કોડ નંબર :– | | | | |
| | | | મોબાઈલ નંબર :– | | | | |
| **૩.** | કાયમી સરનામું | : | | | | | |
| | | | | | | | |
| | | | પીન કોડ નંબર :– | | | | |
| | | | મોબાઈલ નંબર :– | | | | |
| **૪.** | જન્મ તારીખ આંકડામાં | : | | | | | |
| | શબ્દોમાં | : | | | | | |
| | ઉંમર (અરજી સ્વીકારવાની અંતીમ તારીખે) | : | | | | | |
| **૫.** | જન્મ સ્થળ | : | ગામ | : | | તાલુકો | : |
| | | : | જિલ્લો | : | | રાજય | : |
| **૬.** | માતૃભાષા | : | | | | | |
| **૭.** | રાષ્ટ્રીયતા | : | | | | | |
| **૮.** | પરણિત/અપરણિત/વિધવા | : | | | | | |
| **૯.** | પુરૂષ / સ્ત્રી | | | | | | |
| **૧૦.** | અનુસુચિત જનજાતિ વર્ગના છે ? | : | | | | | |
| **૧૧.** | રોજગાર વિનિમય કચેરીનું નામ અને નોંધણી નંબર | : | | | | | |

| ૧૨. | શૈક્ષણિક કારકિર્દી અંગેની માહિતી (પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સામેલ કરવી ફરજીયાત રહેશે.) | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | પરીક્ષાનું નામ | યુનિવર્સિટી/સંસ્થા | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | મેળવેલ વર્ગ/ગ્રેડ | વિષય | |
| | | | | | મુખ્ય | ગૌણ |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| 1 | (અ) અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૦ પાસ<br>(બ) માન્ય યુનિવર્સિટીનો પશુધન નિરીક્ષક તાલીમ સર્ટીફીકેટ કોર્ષ પાસ<br>**અથવા**<br>માન્ય યુનિવર્સિટીનો ડીપ્લોમા ઈન એનીમલ હસબન્ડરી/ડીપ્લોમા ઈન વેટરનરી સાયન્સ અને એનીમલ હસબન્ડરી | | | | | |
| | | | | | | |

| ૧૩. | અનુભવની વિગત (પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સામેલ કરવી ફરજીયાત રહેશે.) :– | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાની વિગત | ક્યાંથી ક્યાં સુધી | | કુલ અનુભવ | | | ઓર્ગેનાઈઝેશનની વિગત |
| | | | | વર્ષ | માસ | દિવસ | |
| | | | | | | | |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | કોમ્પ્યુટરની જાણકારી ધરાવે છે કે કેમ ? | : | |
| ૧૫. | અન્ય શૈક્ષણિક લાયકાત/ સફળતા અથવા વિશિષ્ટતા જો કોઈ હોય તો | : | |
| ૧૬. | અન્ય વિગત | : | |

| | | | |
|---|---|---|---|
| **સ્થળ** | : | | ( )<br>**ઉમેદવારનું નામ તથા સહી/–** |
| **તારીખ** | : | / /૨૦૧૭. | |